# બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિદ્યાલય ખાતે શૈક્ષણિક-કાર્યનો પુનઃ આરંભ

કોવિડ-૧૯ની અસર પછીથી ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૦૭-૦૧-૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧ અનુસાર શૈક્ષણિક કાર્યનો પુનઃ આરંભ કરવાનું નક્કી થતાં બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિદ્યાલય ખાતે હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા કોલેજના વિદ્યાર્થીઓનો સત્કાર કાર્યક્રમ તા.૧૮-૧-૨૦૨૧ના રોજ યોજાયો હતો.

અત્રેની કોલેજમાં અનુસ્નાતક કક્ષાએ ત્રીજા તથા પાંચમા સત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારના ઉપરોકત ઠરાવના આધારે કોવિડ-૧૯ને લગતી માર્ગદર્શિકા મુજબ શિક્ષણ-કાર્યના પુનઃ આરંભ અને હોસ્ટેલમાં રહેવાની અનુમતિ મળતા માનનીય સંશોધન નિયામકશ્રી, કાર્યકારી કુલપતિશ્રી ડૉ. આર. વી. વ્યાસ, આચાર્યશ્રી ડૉ. વાય. એમ. શુક્લ, અનુસ્નાતક ઇન-ચાર્જ ડૉ. એન. જે. જાદવ તેમજ ગૃહપતિશ્રી ડૉ. આર. જી. પરમારની ઉપસ્થિતિમાં જુદી-જુદી હોસ્ટેલ્સના વિદ્યાર્થીઓનો આવકાર-કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આવેલા તમામ વિદ્યાર્થીઓના બોડી-ટેમ્પરેચર અને ઓકસીજન લેવલની ચકાસણી કરવામાં આવી અને તે ઉપરાંત દરેકને આવકાર-કીટ (સેનીટાઈઝર અને માસ્ક) નું વિતરણ પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે અંતમાં ડૉ. આર. વી. વ્યાસ અને ડૉ. વાય. એમ. શુક્લએ સર્વ વિદ્યાર્થીઓનું અભિવાદન કરીને, સ્વાસ્થ્ય અંગેની પુરતી તકેદારી રાખવાની નોંધ સાથે સર્વના સારા સ્વાસ્થ્ય માટે શુભ કામનાઓ પાઠવી હતી.








